‘ઑડ’’ અને ‘‘સોનેતો’’

જેહાંગીર સોરાબજી તાલેયારખાન

ODES AND SONNETS

IN GUJARATI

BY

JEHANGIR SORABJI TALEYARKHAN

Author of "Comte and the Positive Philosophy," "Beauties of Nature," and "Lyrics and Songs"

Bombay

D. B. TARAPOREVALA SONS & Co.

1902

"ઓદ" અને "સોનેતો"

લખનાર

જેહાંગીર સોરાબજી તાલેયારખાન

" કોમ્ત એન્ડ ધી પોઝીતીવ ફીલોસોફી," " કુદરતની ખુબસુરતી," અને " મારી ગુજરેલી માતાની યાદ અને બીજી કવિતાઓ "ના કર્ત્તા

મુંબઈ

ટી. બી. તારાપોરવાલા સન્સ એન્ડ કું૦

૧૯૦૨

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ, પારસી બજાર સ્ટ્રીટ, ફોર્ટ.

PREFACE

In this small volume, I venture to lay before the public the result of my new experiment, which, from its very nature, will be seen to involve greater risks than blank verse with Iambic measure employed in my first volume. The present volume consists of odes and sonnets, two novel garbs in which Gujarati poetry has never been clothed as yet.

The charms and beauties of odes and sonnets are too well-known to be delineated here. It need hardly be said, that there is nothing so unmusical in poetry as a bad ode, and by bad I mean an ode not well-balanced. On the other hand there is hardly anything so musical and majestic as a perfect ode with a stately flow of measure. In fact a perfect ode is "a thing of beauty".

But one of the most difficult poetical compositions is the sonnet, especially from the strict observance of its rules. The defects of a sonnet are too obvious to be unnoticed on account of its very limited length, under no circumstance exceeding

fourteen decasyllabic lines, the first eight lines of which are usually divided by a demarcation of thought. As to the claims of the sonnet to a very high place of honour in the domain of poetry, I may be permitted to quote a sonnet from Wordsworth, a master-sonneteer, who thus defends this form of verse :—

> "Scorn not the Sonnet ; Critic, you have frowned,
> Mindless of its just honours ; with this key
> Shakespeare unlocked his heart ; the melody
> Of this small lute gave ease to Petrarch's wound ;
> A thousand times this pipe did Tasso sound ;
> With it Camöeus soothed an exile's grief ;
> The sonnet glittered a gay myrtle leaf
> Amid the cypress with which Dante crowned
> His visionary brow ; a glow-worm lamp,
> It cheered mild Spencer, called from Faery-land
> To struggle through dark ways ; and when a damp
> Fell round the path of Milton, in his hand
> The Thing became a trumpet, whence he blew
> Soul-animating strains—alas, too few !"

With these few words I leave the result of my bold and novel experiment in Gujarati poetry to be judged by the public.

November 1902.

દીબાચો

આ નાનકડાં પુસ્તકમાં સાહિત્ય વાંચનારાઓ સન્મુખ મારા નવિન અખ્ત્રરાનું પરિણામ રજુ કરવાની મેં હામ ભીડી છે; મારાં પેહલાં પુસ્તકમાં Iambic પદમાં અનુપ્રાસહીન કાવ્યો રચ્યાંછે તે કરતાં, આ અખ્ત્રરો વધુ નડતલો ધરાવનારો દેખાશે. આ હાલનાં પુસ્તકમાં ઈંગ્રેજી ધપે લખાતાં odes યાને ગીત-કાવ્યો અને sonnets યાને ચૌદ આડકત્રા અનુપ્રાસનાં કાવ્યબંધનો સમાવેશ કર્યો છે. આ બે નવિન વેશમાં ગુજરાતી કવિતાને આજ તુલીક કોઈએ સજજ કરી નથી.

ઇંગ્રેજી odes અને sonnets ની શોભા અને ખુબસૂરતી એટલી તો જાણીતી છે કે તેમને વિસ્તારવાની અત્રે અગત્ય નથી. કહેવાની મુતલક જરૂર નથી કે કવિતામાં એક ખરાબ ode અતિ સ્વરશૂન્ય અને સમજનારના કાનને કંપિત લાગણી ઉત્પન્ન કરનાર છે. જે ode સહ:પ્રમાણ નહિ તેને હું ખરાબ ગણું છું. તેથી ઉલટું એક પરિપુર્ણ ode જેમાં ભવ્ય વાકચાતુર્યતા સાથે પ્રમાણ લઈ દેખડાવવામાં આવ્યું હોય, તેના જેવું સુસ્વરિત ગાન જવલેજ મલશે. ખરેજ એક સંપુર્ણ ode 'સુંદરતાનો નમુનો' છે.

પણ ઇંગ્રેજી sonnet ની રચના, ખસુસ કરી તેના પદોના બંધ મેલવવા માટેના કાયદાઓ બારીકીથી તપાસવા પડતા હોવાને લીધે, કાવ્ય-કલામાં ઘણી અઘડી છે; એક sonnetમાં કોઇ પણ રીતે દશ અક્ષરી ચૌદ પદોથી વધુ થવાં નહી જોઈએ, અને પહેલાં

આંઠ પદો સાધારણ રીતે કાવ્ય–કલ્પનાની મર્યાદા તરિકે જુદાં પાડવામાં આવે છે; આ રીતે sonnet નાં પદોની હદ ઠેડવેલી હોવાને લીધે એ કાવ્યબંધની ખામીઓ પ્રદર્શિત છે. કાવ્ય–કલામાં sonnetને ઘણો ઉંચો મરતબો ધરાવવાને હક છે એવું દેખડાવવાને કવિ વર્દ્‌ઝવર્થની રચેલી એક sonnet નીચે ઉતારૂં છું, જે કવિ sonnet લખવામાં ઐકયતા ધસવતો હતો, અને તેને આ કાવ્યબંધની નીચલાં પદોમાં તરફદારી કરી છે.

> " Scorn not the Sonnet; Critic, you have frowned,
> Mindless of its just honours; with this key
> Shakespeare unlocked his heart; the melody
> Of this small lute gave ease to Petrarch's wound;
> A thousand times this pipe did Tasso sound;
> With it Camöeus soothed an exile's grief;
> The sonnet glittered a gay myrtle leaf
> Amid the cypress with which Dante crowned
> His visionary brow; a glow-worm lamp,
> It cheered mild Spencer, called from Faery-land
> To struggle through dark ways; and when a damp
> Fell round the path of Milton, in his hand
> The Thing became a trumpet, whence he blew
> Soul-animating strains—alas, too few!"

આ ટુંક દીબાચા સાથ ગુજરાતી કવિતાપર અજમાવેલા એક નવિન હિંમતવાન અખ્તરાનું પરિણામ સાહિત્યના વાંચનારાઓને તોલ કરવા માટે જાહેર સન્મુખ રજુ કરૂં છું.

નવેમબર ૧૯૦૨.

“ઓઢ”

સૂર્ય-આથમ

આતશી રોશનીનાં પીછાં અંદર
દિવસ ઝલકાટ ભર્યો જાય છે ઉડી;
ને આકાશનાં લાલચોલ કપાલ ઉપર
સૂર્ય રાતો થઇ આ સાંહજને ઘડી
રેડે છે લોહી.
હું તેને જોઈ
આંખો ચમકાવતો ત્યાં ઊભો છું ચુપ.
અજાયબીમાં તેનું ખુબસૂરત રૂપ
જોઈ મારો દમ
થાય છે ગરમ,
ને માગે છે દોડવા કિનારે ઠેઠ,
કે એક કોટી કરી
તેને દિલે દાબી
જાઉં તેની સંગતે પાણીમાં હેઠ.

આ ડુબતા સૂર્યનો સોનેરી તોર,
દમામ ને દોર,
ખેંચે છે જીવ મારો તેની પાછળ,
કે જે જાય છે ઉડી
તેને ચુમવા ઠકી,
ને માગે છે તેને ધરવા નિર્મળ.
પાક કેવો દીસેછ તે ડુબવા આગમચ!
એવી પવિત્રાઈના બહોળા આકાર–
માં પવિત્ર થાય છે જગનો વિસ્તાર.
રતાશમાં એટલી તે દીયેછ રોનક
કે રે મુજ આંખ તેની વખાણ અંદર
પડેછ રડી,
ને બે હાથો જોડી
તન મારૂં તેને નમાવે છે સર.

પોણો ધંકાઇને તે ઉતર્યોછ હેઠ,
રાતું કપાલ હવે દીસેછ ફકત;

ચિતારા ! હોય તારી પીચ્છીમાં તેજ
તે અદ્ભુત કલા—તે હુનર સેફત,
તો ફેંક તારી ચશમ
દોડી એક દમ
પેલે કિનારે ઝત
ને તે ઉપર દીસતો આકાર બુલંદ
તું તારાં કેનવાસપર ચિતારી લાવ
ને આજ માફેક સૂર્ય ડુબતો બતાવ.

ચુમ્યા હવે તેણે સમુદ્ર હોઠ
પણ જીવ મુજ તેની પુઠ મારે છે પોક.
જા, સૂર્ય! તું પાણીમાં નાહવાને જા,
પણ તેં મુજ છાતીએ કીધો છે ધા.
પાકી જો તે સાથે ધડ ઉપર થાય
ને બુમ જયારે પાડું દુઃખે દબાય,
તો તે ઘડી
રે યાદ તને કરી

બુમ તારે માટે હું પાડીશં જરૂર,
પોકારીને યાદ તુંજ કરીશ જરૂર.
દરદનાં દુઃખવાથી આંસુ તપકાઇ
સરી પડશે જયારે ગાલોમાં જાઈ
તો તે વખત
એકજ ફકત
આસું હું ખેર્વીશ રે તારેજ ખાતર
ને ખેર્વીં યાદ તારી કરીશ જરૂર.

આશા કયારે ફુટે ?

જોઉં જયારે જગનો ખુબસૂરત બહાર,
યા ખુશ્નુદ સહવારનો ખીલતો દીદાર
આ જગતને આપતો બહોળો શણગાર,
યા ઉગતા દિવસનો ઝલ્લતો આકાર,
ફુટે ત્યારે દિલમાં આશા અપાર.

જોઉં જયારે બામદાદનાં મીઠાં કિરણ,
યા સૂર્ય મોટાઈમાં ચહડતો ગગન
વર્ષાવતો રોશનીનાં ખીલતાં શગન,
યા જોઉં આકાશ ઉપર ગુલાબી રંગ,
ફુટે ત્યારે દિલમાં આશા અતંગ.

સાંભળું જયારે જળનાં નાચતાં ઝરણ,
યા બુલબુલ કોયલના મધુર્યા દન
આસપાસની પેદાશને કરતા મગન,
યા સાંભળું ખુશીમાં પોકારતાં વન,
સલગે ત્યારે દિલમાં આશા અગન.

ધરૂં જયારે પેદાશનો ભારી પસ્રાત,
યા ફુલોની કલી ખીલતી નિરાંત
જગ—આંખોને આપતી આકાશી રાહાત,
યા ધરૂં તારાનો બુલંદ ચલકાટ
આશા ત્યારે દિલમાં કરે ગગડાટ.

કવિતાને અરજ

આવ, મધુર કવિતા! તું આવ,
ને મધુર વચન-
થી દુઃખની અગન
ઓલવ મારે તન, [માહત.
આપી મને હિંમતનો હાથ, કરી મારી ચિંતાઓ

કવિતા! આ ખોખાંમાં આવ,
ને માંડ તારૂં ઠામ
બસ સુબેહ ને શામ
મુજ વેરી આરામ
કરી મને વફાઈથી ચાહ, રૂઝાવી મારાં જીગરનો ઘા.

ને કવિતા! ઝડપી હ્યાં આવ,
કવિના કડવાસ-
માં પડયો મીઠાશ,
કે કાવ્ય ઉજાશ-
થી લખ્ખોને મળ્યો આરામ, બેચેની ઉદાસીને ઠામ.

રે બુલંદ કવિતા! તું આવ,
જેથી હું કરીશ,
ને જ્યાંથી હું જઈશ,
જીવીશ યા મરીશ [નિરાશ.
ત્યાં ધરીશ હું હાથ તારો સાથ, જે કદી ન કરતો

એ કોણ છે?

ગગન ઉપર દીપતો, વિજલી માંહે ઝલતો,
કોણનો આકાર?
તુફાનમાં ગબડતો, પવનમાં બબડતો,
કોણનો પોકાર?

કુદરતના બહારમાં, માનવી આકારમાં,
કોણની નસલ?
સૂર્યના તાપમાં, બળતા ચેરાગમાં,
કોણનું છે બળ?

પાક ભણતરમાં દરરોજ, ને પુંજામાં હરરોજ,
કોણનું છે નામ?
તે ગગનનો ગોલબોજ, આ જગતનો તાર સોજ,
કોણનું છે કામ?

કુલ ઈન્સાફની રંજમાં, ને નેકીની જંગમાં,
કોણનું છે રાજ?
આ જગતનાં હાડમાં, આ માનવીના દમમાં,
કોણનો છે હાથ?

ગુલના ગાલ

ગુલ ! તારા ગાલ ઉપર ખીલતા ગુલાબ
કીયો હાથ તોડવાને મગરૂબ થશે ?
રે આપ તું જવાબ,
કોણના હાથોમાં તે હાલતા થશે ?

ગુલ ! તારા ગાલ ઉપર ચહડતો રતાશ
જોવાને કોણની આંખ થશે મગન ?
બોલ કેટલો મીઠાશ
તું તેનાં પાપણમાં કરશે ઉત્પન ?

ગુલ ! તારા ગાલ પરની મખમર નરમ
ચુમવાને કોણના હોઠ જશે ઉડી ?
રે મોહબત ગરમ–
થી ઉછલી કોણના હોઠ કરશે ચુમી ?

હું તોડીશ કે નહીં તારા ખીલતા ગુલાબ?
સદા રતાશ તેમનો જોઈશ કે નહીં?
રે આપ તું જવાબ,
ચુમવાને હોઠ મારા દોડશે કે નહીં?

વર્ષાદી કમાન

હોય જાણે ગગનની ગર્દન ઉપર
માણેક ને મોતીનો ચલકતો હાર,
તેમ મારી આંખો સમ પડેછ નજર
વર્ષાદી કમાન !

આથમ્તાં આકાશે જોતો હોઉં ખાબ,
તેમ મારાં મગજને લાગેછ હરદમ,
ખુબસૂરતીના રંગનો ખરો મહેરાબ,
વર્ષાદી કમાન !

નસીબ જેમ મોટાઈમાં જાગી એકદમ,
જગતનાં માથાંપર ચલકતું હોય,
તેવી બલિહારીમાં ચમકેછ બુલંદ
વર્ષાદી કમાન !

સુખ ન્યારૂં મોંહ આગળ પડેલું હોય,
ને જીવ જેવો દોડી માગે ચુમવા,
રે તેમ મારૂં જીગર ચુમવાને રોય
વર્ષાદી કમાન !

સોનેટો

ખુદાને અરજ

મુજ ઇચ્છા પ્રમાણે ચાહે મને તું,
ને સાચી હું તારી મેલવું મોહબત,
તો પછી જગમાં શું રહ્યું એવું,
જે મેલવવા જીવ મુજ મારે તલબ?
પ્યાર કદી તારો હું મેલવી શકું,
ખુદા! તો પછી રહી કઈ એવી ચીજ,
કે હોય જેની મારાં દિલ અંદર બીહક
જગત અંદર? યા જીવું યા મરૂં
તો મને શું તુંજથી ડરવાનું છે?
હા, તારીજ પુંજામાં હાલવી મેં જીભ,
લેવા તારૂં નામ, લેવા તારો પ્યાર;
તો આજ હું નથી ફોકટમાં પોકાર
મારતો, તુંજ મોહબતની મેલવવા ભીખ,
જેમાં સુખ મારૂં સૌ સમાયલું છે.

ખરૂં સુખ

આખર કરીને છે જગ ઉપર સુખ
રે બહારનો ચલકાટ, ફક્ત એક ઘડી
આંખોસમ ચકચકીત ઠગાઈ ધરી
જુઠાઈમાં મનુશનું હસાવા મુખ.
જે અર્થ હ્યાં સુખનો તે ખોટો છે અર્થ;
પૈસાની રેલછેલનો બહારનો ચલકાટ
નથી ખરૂં સુખ; એ સઘળો ઇતરાટ
છે સુખનો શત્રુ; એ સઘળું છે વ્યર્થ.
પણ ગુસ્સાઓ બદ પર કાબુ રાખી
જે મનની મોટાઇ ને તનની સફાઈ
જાળવે ને ભોગવે, જે વધુ લાલચ–
માં વધુ મજબુત થઈ પકડે નેકી,
ને ઇશ્વરસમ સાચ્ચી સમજે ફરજ,
તેજ ખરાં સુખની બસ મારે બડાઈ.

તેનીસન

બેઠો તું વિકટોર્યા—સાહીત્ય—રાજ-
નાં સર્વ—કીર્ત્તિમાન તખત ઉપર
ઝલઝલતો કાવ્યના કોહેનુર અંદર;
કે જેણે પ્રકાશ વિકટોર્યાનાં તાજ—
માં ઝલતાં કોહેનુરની લુટાતી લાજ.
નીતિમાન જીંદગીની બુલંદ અસર
ફેલાવી તેં સર્વ જીગર અંદર,
ખુદાની મોટાઈમાં રોકી આવાજ.
રે કેવો મધુર રડયો તારો દમ
તે મોતની ઘડી, તે વેળા ગમખ્વાર,
કે જયારે આર્થરને અકાળ મરણ
ઉઠયો તું લલકારતો કાવ્યે—સીતાર;
જેની માંહે મિત્રાઈને જખ્માયલે તન
ખોલ્યો તેં કાવ્યનો છુપો શૃંગાર.

રાફેલ

રાફેલ ! તુંજ પીચ્છીનો એકેએક બાલ
હશે કોઈ ખુબસૂરત પર્યાંનુ ગુંચ્છ,
જે પડયું હોય જગે આકાશથી સ્વચ્છ
બોળાઇને નીલા ને પીલા ને લાલ,
વર્ષાદી કમાનના રંગો રૂપાળ.
ઝઝકલાંની વેલાનો તારો ચિતાર
દીયેછ મુજ મગજને એવોજ વિચાર;
કારણ મેં સ્વપ્ને બી નથી કોઈ કાળ
આવું અસરકારક જોયું ગગન,
જેનાં હેઠળથી ઝઝકલું ઉડી
જેમ જાયછે પરી. ઝઝકલાંની પાંખ
એટલી ઝમકથી તેં રંગીછ બુલંદ
કે જોતાં તુંજ હુનર મનુશની આંખ
આફ્રીનનાં આંસુથી પડેછ રડી.

મુગી બંદગી

મેં ધાર્યું; હા, એક પળ મેં વિચાર્યું,
એક પળકાર જગ ઉપર નિગાહ કરી,
હાથો મેં આકાશે ઉંચા ધરી,
ઉપાડી જીભ; પણ કાંઈ ન ઉચાર્યું.
મેં જોયું, વખાણ્યું, તુરત મેં જાણ્યું
કે જગ છે સારી, જીવવાને પ્યારી,
પણ ફક્ત તેનેજ છે તે અકારી,
જોઈ જેણે સર્વ, કાંઈ ન વખાણ્યું.
મેં જોયું, જાણ્યું, હું પામ્યો ભરમ,
જે ખોલવા જીવ મારે શક્તિ નથી;
કારણ છે ઈશ્વરી આભારનો બોજ
એવો મારે ચિત્ત, કે દબાતો રોજ
હું તેના ભાર તળે ગયોછ મરી,
છુટવાને જયાંથી માગે મારો દમ.

મધ્રાત

પસાર થાય છે મધ્રાત સૂતેલી જગ-
ને માથેથી, કાંઇ પણ ગડબડ વગર,
હળવેથી રૂ જેવાં તિમિર ઉપર-
થી ભુતના ડરામણા ઓળા માફક.
સઘલું છે શાંત; સિવાયે કે ઘુવડ
આંબાના ઝાડેથી ડરામણો સાદ
કહાડીને કરે છે બીઆબાન રાત-
ને કાળી વધુ; ને વન—વાગળાં વડ-
ની ઉપર ને હેઠળ ગોળ ગોળ ઉડી
ફફડાવે છે પાંખ, ને બાકી એકાંત
આવે છે મનુશના દમનો આવાજ.
ખુદા! આ વખતની દરેક ઘડી
જગતને તારી મહા—શક્તિના પાઠ
ભેદ ભરી ભાષામાં શીખવે છે શાંત.

માનવી જીગર

દીઠા મેં કુદરતના બારીક હુનર,
પહાડો ને ખાઇઓની રચના બુલંદ ;
મેં નદી, નાળાં ને દર્યા અખંડ-
નાં ગુપ્ત બંધારણની લીધી ખબર.
ગગનના નક્શીદાર ગુંબદ ઉપર
જોયું મેં લટકતું સૂર્ય—રતન ;
ને ચંદ્ર, નાજુક તારાઓનાં નંગ-
ની બનાવટ ઉપર ફેંકી નજર.
એ સર્વે મોટાઈ હું ગયો ગુમાઈ;
પણ જયારે દીઠું મેં માનવી જીગર,
તે અજબ નાની કરામતી ચીજ,
ત્યારે મેં જાણ્યું કે સૌમાં બારીક
ને સૌમાં બુલંદ છે માનવી જીગર,
ખુદાઈ હુનરની મહાભારત નવાઈ.

વર્ડ્ઝવર્થ

કાવ્યના આકાશની લખખો દીપક-
માં તેજસ્વી પ્રકાશી ચાલી ગયો,
વર્ડ્ઝવર્થ! તું કાવ્યનો શુક્ર તારો!
હમેશગીને આકાશ, કીર્ત્તિ અમર્ગ-
ની પવિત્ર રોશનીની અમર ઝલક-
માં દીપવા સદા. સર્વથી જુદો
શુક્રસમ અલગ તું ઝલકેછ એવો,
કે બીજા નાના તારા તારે મારગ
ઢંકાઈને બે ઘડી ઝંખવાઈ પડેછ.
તું જેવો કુદરતનો સાચ્ચો આશક
કોણ હવે હર્ખાવશે તેણીનો દમ?
રે પહાડો, ખાઇઓ, ને નાળાં રડેછ
તુંજ ગુમાયલો સાહદ, જે તારી મોહબત
છે આજવેર તેઓને હૈડે ગરમ.

ખુદાનો મુગો આવાજ

કુદરતને ઈન્સાનની વચ્ચે આ જગ
દોડે છે ભમતો એક મુગો આવાજ,
નિકળે છે જેની માંહે, સહવાર યા રાત,
બપોર યા બામદાદે, સંભળાતા અર્થ
કાંઈ ઊંડાં, ભેદી, ને ગંભીર વચન.
હા! હા! મેં સત મારાં લોહીની અંદર
પાક તેની પંથાતી જોઈ છે અસર,
જેવો અસરકારક કાંપતો પવન
પંથાય છે ધ્રુવનાં બદનમાં એકાંત.
હું તેની ભાષાનાં વ્યાકરણ વગર
ભેદ તેનો ખોલવાને અશકત છઉં;
પણ લાગેછ એવું કે છે તે પેગામ,
જેની માંહે ખુદાના પ્યારને ઉકલાઉં
કુદરત ને મનુશનું જોડવા જીગર.

પેનોરામા પોઈન્ટ

કહાડી પેનોરામા મોર જેવી ડોક,
ઝાડોની સર ઉપર કલગીર કરી,
ધુમસને જમણેથી હાથે ધરી,
ચુમે છે વાદળીઓ લગાડી હોઠ.
ઊભેલો હું તેની ચક્કર ઊંચાઈ
—માખી જેમ ગુંબદે બેઠેલી હોય
ને આસપાસ નક્શીકામ હયરતથી જોય—
ધરૂં છું પગ હેઠળ લંબાયલી ખાઈ,
જેનો હયરતભર્યો બુલંદ દેખાવ
જીવને કુદી પડવા બોલાવે છ હેઠ
હયબતનાક ભયંકાર ભુસ્કાની સાથ,
કે જેને તફાવત ધનગરી ખેત
કીધા હોય ફુલોના નાના જમાવ
તેમ દીયે છે દુર મુજ આંખોને રાહત.

કાલીદાસ

કાલીદાસ કાવ્યની કીર્ત્તિનો કોટ
અસલ સમ આજ તેની ભૂમિ ઉપર
વખતના હુમલાને ઝાલતો ટક્કર
ઉભો છે ઉંચ, તેની મગરૂબ મરોડ-
ને દેખાડતો જગ; કે જેના મેહરાબ-
માં કાવ્ય–દેવીનો માનીતો દાસ
કાલી—તે કિલ્લાનો પહેરેહગીર ખાસ—
ઉભો છે સાંભલતો કવિઓ લાખ-
ની અદેખાઈ તેની મોટાઈ ઉપર.
આત્મા અમર! તેને બુલંદ નસીબ
સૂર્ય-ઝલકતું ઝલેછ તેનું નામ,
જેણે વખત–ટકાઉ મહાભારત કામ-
થી કીધું હીંદી સાહીત્ય ગરીબ
વધુ નામાંકીત ને વધુ આતબર.

નદી કિનાર

થંડ જળને પીતો નદીનો કિનાર
જેમ પડયો છે સર્પની માફક લંબાઈ;
ધરૂંછ હું તેની સુખવાસી મોટાઈ-
માં ખુબસુરતીનો દેલ-પઝીર આકાર.
સ્વપ્નામાં સૂતો છે તેનો દીદાર,
પાંપણો વાળીને એકાંત અંદર;
જેનીપર ઝાડોનાં સુખવાસી સર
ફેંકે છે છાયા હઝાર દશ હઝાર.
એવો તો નીંદે તે પડયો છે શાંત
કે પીઠ પુઠે ઉભેલાં ગંજાવર વન-
થી ફુટતાં સૂર્યનાં તીક્ષણ કિરણ
છે તેનાં પાપણો ખોળવા નિરાશ,
ને પક્ષીઓ જેને ઉઠાડવા સંગ
ફોકટમાં પોકારે મધુર વચન.

મોહબતનો તીર

છુટી મુજ જીગર કમાને આ વાર,
મોહબતનો તીર કેવો જાય છે આબાદ
તેણીની પાસ લેવા પ્યારનો જવાબ,
બેઠો છે જીવ મારો જેને આધાર !
રે રાજા હું થઈશ ! જો તેણીના પ્યાર-
ને પ્હોંચી ઉઠાડે ઝત મારો તીર ;
યા થઈશ હું કિસ્મતને કાલે ફકીર
જો ચુકયો નીશાન મુજ ઉમેદની બહાર.
રે શુક્ર ખુદા ! તે કેટલો સફાઈ
જાય છે આબાદ મારી ઈચ્છાને ઘર !
હા ! લાગ્યો, લાગ્યો, બસ ત્યાંજ મારો તીર
ફત્તેહમંદ, તેણીનું વીંધી જીગર ;
જીતી મેં મોહબતની ભારી લડાઈ,
કાલે હું રાજા, ન થઈશ ફકીર.

દર્યાઈ પક્ષી

સૂર્ય–આથમે હું દર્યે–કિનાર
નિહાળું છું સાંહજના ગંભીર એકાંત-
માં જગતને આસપાસ સૂતેલી શાંત,
સિવાય કે તેનો ફડફડતો આકાર,
જે આસમાન નીલમ ને સફેદ હેઠળ
કહાડે છે તેનું સન્યાસી જીવન.
સૂર્ય જઈ પશ્ચીમે પામે છે મરણ,
ને રાત સળગાવે છે અંધારે જળ
પર દિવા–દાંડી, પણ તેને કદી
જોઇતી ન દિવસનો થાક યા ઉજાશ.
હિંમતથી ઊડે છે તે આફતની સંગ,
સમુદ્ર જયારે તુફાની બની,
મોજા ઉઠાવે છે પહાડોથી ઉંચ,
ધ્રુજાવી બરાડે ફરતું આકાશ.

ગાયન

કેવા નાજુક સાહદે ઉડેછ ગાયન
મધ્રાતને વખત! ન ફક્ત એકાંત-
ને કરતું તે દેલ–ખુશ હલકથી શાંત
પણ સર્વ પેદાશનું રીઝવે છે તન.
દરેક તેનું સૂર ફેંકે છે મીઠાશ,
જે ભેળાઈ મધ્રાતની મધુર થંડક
ઉકળતાં કાળજાંને લાગેછ બરફ.
અંધકારમાં કેટલો તે નાખેછ ઉજાશ!
નથી શું કરતું તે બીઆબાન રાત-
ને જગત પર સ્વર્ગ! અરે મારો દમ
માગેછ ઓચર્વા આફ્રીનના સખુન,
જે કહાડવા તેનામાં નથી તાકાત,
એવો તો ગાયને મીઠે જખમ
બે ઘડી તેને કીધો છે બેશુદ્ધ.

સમુદ્ર પર ચંદ્રની રોશની

સમુદ્રના જળને ચંદ્ર મનહર
ફેરવે છે નગદમાં એવું રૂપાળ
કે ટીપું દરેક તેનું ઝલકતું ખુશાલ
આંજે છે મનુશની હયરત નજર.
ચંદ્ર સમુદ્રની આર્સી અંદર
જોય છે હર્ખાતો પોતાનોજ આકાર,
ને કરતો તેનાજ પડછાયાને પ્યાર,
ન નીચેથી ડોક ઉંચકતો ઉપર.
મોજા, ચંદ્રમાની સ્તુતિ અંદર,
મોહબતી જોસ્સામાં ફીણ ફીણ ઉભરાઈ,
કહાડે છે એવું તો ગાયન મધુર
કે ચંદ્ર, તેઓને રાગે ગુમાઇ,
ફેંકે છે એકાએક સ્થંભ થઈ નજર,
સર્વ ધરતી ઉપર નજદીક ને દુર.

સાઇબિર્યા

જનમ–ઘડીથી જનમ–દેશ–નિકાલ,
સર્વ કાળ બરફની બેડીઓ પગ
પર વિંટલાયલી નાંખી કેદી માફક,
સાઈબિર્યા ! તું તારી જીંદગી અકાળ
કરે છે ધ્રુવને કેદ–ખાને ખતમ.
રે આજ વેર નથી તેં દીઠી કદી
સૂર્યની સૃષ્ટીએ ઝલતી રોશની,
કારણ કે વખત દોડેછ તારે સંગ,
બિન ઉજલા દિવસ, બિન ઉજલું આકાશ.
સર્જેલું છે તારે બહોળે અંધકાર
રૂશ્યાના કેદીનું જીવતર અભાગ,
જે તારાં એકાંતમાં તેની આસપાસ,
ન જોતા સહવાર યા બપોર યા રાત,
બરફ જંગલ સિવાય બીજો આકાર.

સહવારનું પહોર

રે સહવારના પહોરના તનદુરસ્ત હોઠ
કકડતી થંડીમાં ફાટે છે લાલ;
થંડો દવ તેને ભીંજાયલે કપાલ
ટપકતો જમીન પર શોધે છે મોત.
મેદાન ને ખેતરો જોડયા લીલાશ-
માં ચમકી કરે છે ફર્યાદ હરદમ
કે તુરતનાં મૂઍયાંની ખુલતી ચશમ
સહવારનાં પહોરના વિચિત્ર ઉજાશ-
માં થાય છે અપંગ. કુલ કુદરતને રાજ
ફુલોની કલીનાં લશ્કર સફેદ
છોડે છે સુગંધી ગોળા અનેક,
જેઓના ભારી પગ્રાટી આવાજ-
થી ગભ્રાઈ સહવાર નાહસે છે વિખ્રાઈ,
ને જાય છે દિવસની પાછળ છુપાઈ.

પસ્તાવો

બેઉ હાથો આંખો પર દાબી ચપટ,
પસ્તાવો, પરોઢયે છોડતો રૂદન,
જનમતી રોશનીને બુરા શગન-
થી કંપાવે છે, કે રાતને વખત
જીવ તેનો ઘડી પળ ઉભ્રાતું દુઃખ
વિસર્યો હતો; પણ રોશની ફરી
આવીને પાપોની યાદો આપી
સ્વર્ગ જેવી સહવારમાં દોજખનું મુખ
વકાસ્તું કરેછ, કે જેને દેખાવ
હાથો બે આંખો પર ઢાંકીને તે
ફોક મારી પોતાનું રડેછ નસીબ.
રે મનુશ! જોઈએ તું દિલમાં જડાવ
આ નહસીયત દેખાવ, કે તારૂં નસીબ
ભવિષ ન તેની સમ બેસી રડે.

ગ્લેડસ્તન.

બ્રીતનનાં ગલાંનું સુર તું બુલંદ!
ગ્લેડસ્તન! તું બ્રીતનનો પડગમ આવાજ
રહેશે જમાને જમાને હૈયાત,
ઓછા નામાંકીત થશે જયારે બંધ.
રે અર્ધ-જગ-રાજયનો ગંજાવર સ્થંભ
થઈ, બ્રીતનની નોક તેં ઉંચી ધરી,
ને કીર્ત્તિની ટોંચ પર ઝલતી કરી
જગ આગળ તેને પર-મુલક ને ખંડ
પર કીધી અખંડ. શાહ-વક્તા શુરો!
લડી તું સત્યનાં બખ્તર અંદર,
સખુન-ધુજારે ધુજાવી ગયો
પર-રાજય જુલમ, ને ગરીબને સર
મહા બલવંત માયાળુ પિતા જેવો,
જીતી તેં પ્રજાની માયા અમર.

ઝાડોપર ફુલોની મોટાઇ

થાકેલી આંખો પર જેટલે મીઠાશ
પાપણો મીંચાઈને પડે લંબાઈ,
તેથી પણ નાજુક પડેછે ઝુમાઈ
ફુલો, ઝાડોએ થી પમ્રાવી વાસ.
મોહબતમાં હળવેથી ખોળે છે પાંખ
બંધ પાનો, ફુલો સાથ કરવા લગન;
જેઓનાં માથાંપર દોડતો પવન,
છાંટી સુગંધી આશિર્વાદો લાખ,
પરણાવે છે તેમને એકેકની સાથ.
જેની ખુશાલીમાં જોડાં હરષ
દેખાડી રંગો એકેકથી સરસ
ચહડાવેછ એવા, કે રે મારો હાથ
તલ્પે છે તેઓનો રતાશ સુંદર
તોડી ચમકાવા મુજ ગાલો ઉપર.

ગુજરાતી કાવ્યનું એક સંગીન પુસ્તક

કુદરતની ખુબસુરતી

રચનાર

મી. જેહાંગીર સો. તાલેયારખાન

"કોમ્ત એન્ડ ધ પોઝીતીવ ફીલોસોફી" ના કર્ત્તા

દીબાચો લખનાર

મી. રૂસતમજી પે. કરકરીયા

છપાવી પ્રગટ કરનાર

મેસર્સ દી. બી. તારાપોરવાલા સન્સ એંડ કું૦

મેડોઝ સ્ટ્રીટ, કોટ

કીમત રૂ. ૨

એ પુસ્તકમાં જે ઉત્તમ પ્રકારની કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવા પ્રકારની કવિતાઓ ગુજરાતી ભાષામાં કવચીત રચાય છે. કુદરતની તરેહવાર ખુબસુરતીઓપર મોહ પમાડનારી કવિતાઓના નાદર નમુનાઓનો એક એવો ઝુમખો આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે કે જે એક વેળા હાથમાં લીધા પછી પાછો મુકી દેવા ગમતો નથી. એ કવિતાઈ વર્ણનમાં અનેક રસીલી બાબદોનો સ્વચ્છ અને જોશદાર ભાષા તથા મધુર અને રંગીન એબારતમાં એક અખુટ કાવ્ય ખજાનો સમાવવામાં આવ્યો છે.

પ્રો૦ રુ૦ પે૦ કરકરીઆના એ કવિતા વિશેના વિચારો:

"I have been much interested in the poems published herein, for there is a merit of originality in them, which give promise of still more useful work in this line in the future, and because the author is almost unique in his subject..........................Mr. Taleyarkhan seems to be an ardent lover and admirer of nature, which inspires him to sing of her beauties with a fervour and emotion that might do credit to a maturer mind. I wonder that he has not taken to the English language for expressing his ideas and emotions. But I rejoice that he has expressed himself in Gujarati. Poetry of this kind is rare in our mother tongue, and those who appreciate such poetry in English, will be delighted to read in their own tongue of the joys nature is capable of giving those who have an eye for her beauties. His object of laying before Parsi readers the spirit of true poetry, as he finds it in some of the best English poets, is indeed praise-worthy and deserving of all encouragement. There is promise of more useful and more lasting work for the future in the present volume, and it is this that has interested me in it. Mr. Taleyarkhan has taken an altogether new line, and left the beaten path of Gujarati literature alone........................

Beauties of nature and her grandeur, as well as simplicity, move him to sing spontaneously and without effort.

The spirit of Wordsworth in the writer is to be seen in many places...........

The interest of the present volume, it will be gathered, lies chiefly in its being an attempt on the author's part to infuse the spirit of what is known as the Romantic School of English poetry into Gujarati. Its interest is heightened by another attempt which is quite novel. Our author has made an experiment here of introducing blank verse into Gujarati poetry, after the English model. This will strike many as quite strange; as strange, indeed, as, for instance, rhyme in Latin poetry. His love and admiration for Wordsworth has induced him not only to follow him in his matter, but also in his manner.......................................
I hope that the poet may obtain recognition of his merits from the public."

મારી ગુજરેલી માતાની યાદ

અને

બીજી કવિતાઓ.

રચનાર

મી૦ જેહાંગીર સો૦ તાલેયારખાન

"ક્રોમ્ત એન્ડ ધ પોઝીતીવ ફીલોસોફી," અને "કુદરતની ખુબસુરતી"ના કર્ત્તા,

છપાવી પ્રગટ કરનાર

મેસર્સ દી. બી. તારાપોરવાલા સન્સ એંડ કું૦

મેડોઝ સ્ત્રીટ કોટ, મુંબઈ.

કીંમત રૂ. ૧.

આ નાનકડી ૭૨) પાનાની ચોપડીમાં આપણા જવાન પારસી કવીએ પોતાની વ્હાલી માતાનું એક સ્મરણ-કાવ્ય રચ્યું છે, અને પોતાની વ્હાલી માતા તરફ એક તાબેદાર બેટા તરીકેની લાગણી દર્શાવી છે. એ વતરોગે મી૦ તાલેયારખાને પોતાની હમેશની અસરકારક ભાષામાં આ ચોપડીમાં જુદા જુદા કુદરતના દેખાવો કવિતા રૂપમાં એવી અંલકારિક રીતે દર્શાવ્યા છે કે વાંચનાર પોતે તે સર્વપર નેગાહ કરતો હોય તેમ તે દેખાવો આ કવિતા વાંચતાં તેની આગલ ખડા થાય છે. આ પુસ્તક લખીને મી૦ તાલેયારખાને પોતાને મરહુમ કવી વર્દસવર્થના એક કસાયલા ચેલા તરીકે પુરવાર કરી આપ્યા છે.

પાક ખુર્દેહ અવસ્તા જે માઝદયસ્ની ધર્મનો ખરો કલામ છે, તેને ખાસ એક નાહની લોકેટ જેટલી છાપવામાં આવી છે, જે કદમાં ફકત એક ઇંચ લાંબી અને પોણો ઇંચ પહોલી છે. આ પાક ખુર્દેહ અવસ્તામાં પેગમબર સાહેબ અશો જરથોશ્તની સુંદર તસ્વીર તદન નવીજ રીતે લેવામાં આવી છે, તે સાથે અશેમવોહુ, અહુનવર, પાંચે ગેહ, સર્વ નિયાયશો, અને યશ્તો, પતેત પશેમાની, પતેત રવાનની નૈયતે પઢવાની, વિગેરે બંદગીઓ જોવામાં આવશે. તેની ઉંચી બંધાઈ, દીલપસંદ છપામણી, અને ચકચકીત સોનેરી ધારી તથા પુઠાં ઉપરની નકશી જોનારને એકદમ છક કરી નાંખે છે.

આવી ઉમદા અવસ્તા રાખવા માટે એક સુંદર લોકેટ બનાવવામાં આવી છે, જેની ઉપર એક 'મેગનીફાઇંગ' કાચ (Magnifying Glass) જડી લીધો છે. આ કાચ વડે આખી પાક અવસ્તા એક સાધારણ મોટા અક્ષરની ભણવાની ચોપડી મુવાફેક વાંચી શકાય છે.

વજનમાં ઘણી હલકો હોવાથી છેડામાં નાખવાને અથવા સાંકળીમાં નાંખી ગલામાં પહેરવાને આ એક ઉમદા ચીજ છે.

કીમત

અવસ્તા સાથ સોનેરી લોકેટ (સાદી)	રૂ.	૪
,, ,, સોનેરી ,, જરથોશ્તની સબી સાથની		૫
,, ,, રૂપેરી ,, (સાદી)...		૬
,, ,, ,, ,, જરથોશ્તની સબી સાથની		૭
,, ,, ,, ખરી ચાંદીની બુક શેપ લોકેટ સાદી... ...		૮
,, ,, ,, ,, ,, જરથોશ્તની સબી સાથની ...		૯
ગીની ગોલડની લોકેટ		૭૦

ધ્યાન રાખજો છેલ્લી ત્રણ લોકેટના મેગનીફાઇંગ કાચ ખાસ બે ગણી શક્તિ ધરાવનારા છે અને તેથી બીજી લોકેટ કરતાં વધારે મોટા અક્ષર વંચાઈ શકે છે.

છાપી પ્રસીદ્ધ કરનાર

ડી. બી. તારાપોરવાલા સનસની કુાં

મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.